...ને કાગળ વીણતા વીણતા મળી ગયેલું એક પાઉચ પરિવારના બાળકોની દિશા બદલી નાખે એવી રોમાંચક ક્ષણ કેમેરા કેદ કરાઈ છે... કચરો વીણવાનું કામ કરતું શ્રમજીવી પરિવાર તેના બાળકોને ભણાવી શકે, અને ભણાવી શકે તો કેટલું ભણાવી શકે...? આ પ્રશ્નાર્થ સમાજના ખૂણે ખૂણે ઉગેલો હોય છે... પરંતુ પરમ તત્વના અણસાર પણ કંઈક અલૌકિક હોય છે... કાગળ વીણતા વીણતા પરિવારને કચરામાંથી મળેલી રંગબેરંગી કલર સ્કેચપેન અને પેન્સીલના પાઉચથી બાળકો રોમાંચિત થયા અને પેન્સિલના ઉપયોગ માટે ભણવાનો એક ઉત્સાહ પ્રજ્વલિત થયો... એ કચરાના વચ્ચે ઉછરતા ભાઈ-બહેનને જે ઉત્તેજનાપૂર્વક રંગબેરંગી સ્કેચપેન અને પેન્સિલોને નિહાળે છે અને એમાંથી એક સ્વપ્ન ઉગે છે... અને તે ભણવાનું.... આપણે સૌ ઈચ્છીએ કે આવા પ્રત્યેક શ્રમજીવી પરિવારોમાં આવી રંગબેરંગી સ્કેચપેન અને પેન્સિલો કચરામાંથી નીકળે કે ના નિકળે આપણે એ ઝુંપડા સુધી પહોંચાડીએ.... તો જ નિરક્ષરતા સામે કંઈ બોલવાનો અધિકાર આપણે પ્રાપ્ત કરી શકીશું...

(તસ્વીર : કશ્યપ નિમાવત)

‘ક’ માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનું કામ શરૂ

ક-૫ થી ક-૭ વચ્ચે ચોમાસામાં જળબંબાકારની સમસ્યાનો અંત આવશે

ગાંધીનગર, તા.૨૮

‘ક’ માર્ગ પર માર્ગ નવીનીકરણની સાથે સ્ટોર્મ વોટર લાઈનનું કામ શરુ કરી દેવાયું છે. ક-૫ થી ક-૭ વચ્ચેના રૂટમાં વરસાદી પાણીનો ભરાવો અટકાવવા તંત્ર દ્વારા રૂ. ૬૫ લાખના ખર્ચે વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી રહી છે. આગામી ચોમાસા પૂર્વે આ સમસ્યાનું નિરાકરણ આવશે.

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી અન્વયે અત્યાર સુધી માત્ર ૭ સેકટરોમાં જ કામ થયું છે. જયારે બાકીના અન્ય સેકટરોને આ સુવિધા હેઠળ આવરી લેવા વર્ષોના અંતે પણ કોઈ નિર્ણય ન લેવાતા ચોમાસા દરમિયાન ઘણા ખરા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. શહેરના ‘ક’ માર્ગ ઉપર પણ આવી જ સ્થિતિ છે. ક-૫ થી ક-૭ વચ્ચે વરસાદી પાણીના નિકાલની લાઈનના અભાવે અત્યાર સુધી ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ સર્જાતી હતી જેના પરીણામે વાહનચાલકો માટે પણ મુંઝવણરૂપ સ્થિતિ સર્જાતી હતી. વરસાદી પાણીના ભરાવાના લીધે ‘ક’ માર્ગનું પણ ધોવાણ થતા ગામડા અસ્તિત્વમાં આવ્યા હતા. ‘ક’ માર્ગને રૂ. ૫ કરોડના ખર્ચે ચકાચક બનાવવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે આ માર્ગ પર ક-૫ થી ક-૭ના વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો અટકાવવા તંત્ર દ્વારા સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનું કામ શરુ કરી દેવાયું છે. જે અન્વયે રોડ નં. ૬ સાથે પણ જોડાણ કરી દેવાશે. આગામી ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાની સમસ્યાનો અંત આવશે.

ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં સમાજશાસ્ત્રનું પેપર સરળ

જિલ્લામાંથી ૩૮૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી ૧૨૮ ગેરહાજર રહ્યા

ગાંધીનગર, તા.૨૮

ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં આજે છેલ્લે સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવાઈ હતી. સમાજશાસ્ત્રનું પેપર અત્યંત સરળ અને ટેક્ષબેઈઝ હોવાથી વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. જિલ્લામાંથી ૩૮૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ધો-૧૦ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહની બોર્ડ પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ વેકેશનના મૂડમાં છે જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ આજે છેલ્લી પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓ હાલ અભ્યાસના ભારમાંથી હળવા થયા છે. સમાજશાસ્ત્રનું પેપર અત્યંત સરળ અને ટેક્ષબેઈઝ હોવાથી પરીક્ષાર્થીઓને પ્રશ્નોના ઉત્તર આપવાની મજા પડી હતી. વિદ્યાર્થીઓ સ્કોર કરી શકે તેવું પેપર નીકળતા પરીક્ષાના અંતે પરીક્ષાર્થીઓ સરળ પેપરની સાથે વેકશનને લઈ ઉત્સાહમાં જોવા મળ્યા હતા. જિલ્લામાંથી ૪૦૦૮ વિદ્યાર્થીઓ પૈકી ૩૮૮૦ એ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૧૨૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કીસ્સો નોંધાયો નથી. ધો-૧૦ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા બાદ ધો-૧૨ સામાન્યપ્રવાહની પરીક્ષા પણ પૂર્ણ થતા બોર્ડના પરીક્ષાર્થીઓ હવે વેકેશનની મજા માણવા ઉત્સુક જોવા મળી રહ્યા છે.

વાહનચોરી ડામવા ફલેટ-સોસાયટીઓને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા સૂચન

સે-૨૧ પોલીસ લોકદરબારમાં વસાહત મહામંડળે સૂચન કર્યું

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં વાહનચોરીના બનાવો અટકાવવા માટે ફલેટ તેમજ સોસાયટીઓમાં સી.સી. ટીવી કેમેરા લગાવવા પોલીસ લોક દરબારમાં સૂચન કરવામાં આવ્યું હતું. વાહનચોરીના ગુન્હાઓને ડામવા શહેર વસાહત મહામંડળ દ્વારા પાર્કીંગ પ્લેસમાં કેમેરાની વોચ ગોઠવવા રજૂઆત કરી હતી.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ સે-૨૧ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઈન્સ્પેકટર ભરતસિંહ ચાવડાએ મહામંડળના પદાધિકારીઓ સાથે લોકદરબારનું આયોજન કર્યુ હતું. આ લોકદરબારમાં કાયદો અને વ્યવસ્થા અંગેની સ્થિતિ જાળવવા જરુરી બાબતો અંગે પરામર્શ હાથ ધરવામાં આવી હતી. જેમાં આગામી લોકસભાની સામાન્ય ચુંટણી દરમયાન એખલાસભર્યા વાતાવરણ માટે નાગરિકોને અપીલ કરવામાં આવી હતી. જયારે બેઠક દરમિયાન મહામંડળના સુધીર દેસાઈ કીશોર જીકાદરા સીતારામ પટેલ તેમજ ભરત દીક્ષીતે શહેરમાં વાહનચોરીના ગુન્હાઓ ડામવા સેકટરોમાં-પાર્કીંગની વ્યવસ્થા વિચારવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત ફલેટ તેમજ સોસાયટીઓમાં પણ સી.સી.ટીવી કેમેરા મુકી વાહનચોરીના ગુન્હા ડામવા આયોજન હાથ ધરવા રજુઆત કરવામાં આવી હતી.

રજાના દિવસે પણ પાણી વેરો વસુલવામાં આવશે

હવે સવારે ૯ થી ૩ વાગ્યા સુધી વેરો સ્વીકારવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં પાણી-ગટર વેરા વસુલાતની ઝુંબેશ પૂર્ણતાના આરે છે. અલબત્ત ગ્રાહકોને વળતર આપવાની ઝુંબેશને પૂર્ણ થવાના આરે માત્ર ત્રણ દિવસ જ છે ત્યારે તંત્ર દ્વારા રવિવારની રજાના દિવસે પણ વસુલાતની કાર્યવાહી ચાલુ રહેશે. અત્યાર સુધી શહેરમાં પાણી ગટર વેરા અન્વયે અંદાજિત રૂ. ૯૫ લાખ વસુલવામાં આવ્યા છે.

પાણી-ગટર વેરા-વસુલાત અન્વયે તંત્ર દ્વારા ગત તા. ૧ માર્ચથી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ માટે પાટનગરયોજના ભવન ઉપરાંત સે. ૨૨, ૨૪ તેમજ સે. ૩માં વસુલાત ઉઘરાવવા કેન્દ્રો કાર્યરત છે. શહેરના જૂના અને નવા સેકટરો ઉપરાંત શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ ૨૦૧૪-૧૫ની એડવાન્સ વસુલાત પેટે અંદાજિત રૂ. ૨.૨૫ કરોડનું માંગણુ વસુલવા તંત્રએ કવાયત હાથ ધરી છે. જ્યારે છેલ્લા એક મહીનાના અંતે વસુલાતક્ષેત્રે માંડ ૪૦ ટકા કામગીરી થઈ શકી છે. અત્યાર સુધીમાં બાકી માંગણા સામે ૯૫ લાખ વસુલાયા હોવાનું ધ્યાને આવ્યું છે. વસુલાત અન્વયે વળતર મેળવવાની મુદત પૂર્ણ થવામાં માત્ર ત્રણ દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા રજાના રવિવારે પણ સવારે ૯ થી બપોરે ૩ કલાક દરમિયાન વેરો ઉઘરાવવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે. જ્યારે વસુલાત સ્વિકારવાના સમયમાં પણ ત્રણ કલાકનો સમય વધારી દેવામાં આવ્યો છે. બીલ ન મળ્યું હોય તેવા કિસ્સામાં જૂની પાવતીના આધારે પણ વસુલાત સ્વીકારવામાં આવશે.

આવતીકાલે મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની છેલ્લી તક

ગાંધીનગર, તા.૨૮

લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર તા. ૩૦-૪-૨૦૧૪ બુધવારના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણીમાં તમામ લાયક નાગરિકોને તેમનો મતાધિકાર મળી રહે તે માટે મતદારયાદીમાં નામ નોંધાયેલ હોય તે આવશ્યક છે. જેથી મતદારયાદીમાં આપનું નામ નોંધાયેલ છે કે નહીં તેની ચકાસણી કરી લેવા તથા જો નામ નોંધાયેલ ના હોય તો છેલ્લી તકનાં ભાગરૂપે તા. ૩૦-૩-૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૧૧-૦૦ થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી નીચે દર્શાવેલ કચેરીઓ ખાતે ફોર્મ નં. ૬ સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં (૧) કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, (૨) મતદાર નોંધણી અધિકારીશ્રની કચેરી, (૩) મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, (૪) જિલ્લા તથા તાલુકા મથકે આવેલ ‘મતદાર સુવિધા કેન્દ્ર’ કચેરીઓ ખાતે કર્મચારી/અધિકારી સંબંધિત મતદાર યાદીની નકલ તથા ફોર્મ નં. ૬ સાથે હાજર રહેશે. જેની સર્વે નાગરિકોએ નોંધ લેવા વીનંતી છે.

અડવાણી પાંચમીએ ગાંધીનગરમાં

ગાંધીનગર,તા.૨૮

ભાજપના પીઢ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન એલકે અડવાણી પાંચમી એપ્રિલના દિવસે ગાંધીનગરમાંથી તેમના ઉમેદવારીપત્ર દાખલ કરશે. પાંચ વખતથી અહીંથી સાંસદ રહી ચુકેલા અડવાણી છઠ્ઠી વખત આ મતવિસ્તારમાં લોકસભાની ચૂંટણી લડવા જઈ રહ્યા છે. તેમની ઉમેદવારીને લને ભારે વિવાદ થયા બાદ અડવાણી પ્રથમ વખત ગુજરાત આવનાર છે. ભારે સસ્પેન્સ અને વિવાદ બાદ અડવાણીના નામની આખરે જાહેરાત કરાઈ હતી. ભાજપને નેતા ગાંધીનગરમાં ચૂંટણી લડવા માટે તૈયાર ન હતા. તેઓ મુખ્યરીતે મધ્યપ્રદેશની ભોપાલ બેઠક પરથી ચૂંટણી લડવા ઈચ્છુક હતા. પરંતુ અડવાણીએ આખરે પક્ષનો નિર્ણય સ્વીકાર્યો હતો અને ગાંધીનગરથી ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી હતી.

બેસણું

અમારા પૂ. પિતાશ્રી **તુલસીદાસ સામજીભાઈ બોડા** (ઉ.વ. ૭૫)નું સાપર (જામનગર) મુકામે અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૩૦/૩/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે. સદ્ગતના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ વાડી, ઉમિયા માતાના મંદિર પાછળ, વિશ્વકર્મા હોલની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર.
મો. : ૯૮૯૮૩૩૫૫૬૬, ૯૪૨૬૦૫૬૮૫૪

લિ.

ડો. રસીકભાઈ તુલસીભાઈ બોડા **સંગીતાબેન રસીકભાઈ બોડા**
નિમુબેન હંસરાજભાઈ વાઘાણી **હંસરાજભાઈ હરજીભાઈ વાઘાણી**
પ્રવિણાબેન હિંમતલાલ કુંડાલીયા **એચ. એમ. કુંડાલીયા**
અંજનાબેન વિનિતભાઈ પટેલ **વિનિતભાઈ જગદીશભાઈ પટેલ**
દક્ષાબેન જયદિપભાઈ માંકડીયા **જયદિપભાઈ ચુનિભાઈ માંકડીયા**

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૬૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

મેસર્સ ઈન્વેન્ટ એસેટ્સ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન પ્રા. લિ.
રજિસ્ટર્ડ ઓફીસ : ૧૦૩, જોબી મેકર ચેમ્બર્સ નં ૨, ૨૨૫, નરીમાન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦૦૨૧ ફોન : ૦૨૨૬૬૮૦૧૫૧૧ / ૫૧૩

કબ્જા નોટિસ

આઈડીબીઆઈ બેન્ક લિ. (બેન્ક) દ્વારા, ૨૧ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ મુદતી ધિરાણ અને કેશ ક્રેડિટ વર્કિંગ કેપિટલ સુવિધા સ્વરૂપે નાણાકીય સહાય **મેસર્સ ઓટિલિ સર્વિસ એન્ડ કન્સ્ટ્રક્શન પ્રા.લિ.** (દેવાદાર કંપની)ને પૂરી પાડેલ. જે અંગે અનુસૂચિમાં નિર્દિષ્ટ તેની મિલકતના વાજબી ગિરો દ્વારા સલામત ધિરાણ હતું હવે પછી તેનો ઉલ્લેખ **‘ગિરો મુકાયેલ મિલકતો’** તરીકે થયેલ છે. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ગિરો સંબંધિત આવશ્યક દસ્તાવેજો કરાયેલ. તેમજ ૯ ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ સબ રજિસ્ટ્રાર, ગાંધીનગર, ગુજરાત સમક્ષ રજિસ્ટ્રેશન નંબર ૨૨૯૫/૨૦૧૦ દ્વારા રજિસ્ટર્ડ થયેલ.

દેવાદાર કંપની ઉપરોક્ત ધિરાણ અને અન્ય ક્રેડિટ સુવિધાનું નિયત શરતો-નિયમો મુજબ પાલન કરવામાં નિષ્ફળ ગયેલ અને ધિરાણ પરત ચુકવવા અંગે ધ્યાન આપેલ નહિ. એ મુજબ, બેન્ક દ્વારા આ કંપનીને નોન પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) તરીકે ૩૦ જુન, ૨૦૧૧ના રોજ વર્ગીકૃત કરેલ. સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ બાકીલ્લાને આધિન રહી, બેન્ક દ્વારા નિયો મુકાયેલ અસ્કયામતોનો ૨૧ નવેમ્બર, ૨૦૧૩ના રોજ ઝિમ્બોલિક કબ્જો મેળવી લેવામાં આવેલ અને ૨૮ નવેમ્બર, ૨૦૧૩ના રોજ ફી પ્રેસ જર્નલ અને મંદેશમાં કબ્જા નોટિસ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

વધુમાં, બેન્ક દ્વારા દેવાદાર કંપની (સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ-૧૩ હેઠળ)ના ઉપરોક્ત દેવા સામે ઉપરની સિક્યોરિટી સહિત અને ઉપરોક્ત દેવાદાર કંપનીના બોર્ડ-રૂમાં આવતા તમામ અધિકાર મેસર્સ ઈન્વેન્ટ એસેટ્સ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન પ્રા. લિ.ની તરફેણમાં કરી દીધેલ. જે તારીખ ૨૦ મે, ૨૦૧૩ના અસાઈન્મેન્ટ દસ્તાવેજ દ્વારા ઈન્વેન્ટ/૧૩૧૩(એસએ) ટ્રસ્ટ (ઈન્વેન્ટ)ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે, જેની સબ રજિસ્ટ્રાર, ગાંધીનગર સમક્ષ ક્રમાંક : ૩૧૦૨/૧૦૧ ટ્રસ્ટી નોંધણી થયેલ છે. એ મુજબ, ગિરો મુકાયેલ અસ્કયામતનો કબ્જો **ઈન્વેન્ટને** તબદીલ કરાયેલ છે.

દેવાદાર કંપની ગિરાણ / દેવું **ઈન્વેન્ટને** ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે. આથી આ સાથે દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે કેસ નં. ડીસીએસ.આર.૧/૧૨/આરી.૧૨૩૧/૩૮/૧૦૧૪માં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટના તારીખ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ના આદેશને આધિન રહી, ગિરો મુકાયેલ અસ્કયામતોનો કબ્જો બેંક દ્વારા નીચે સહી કરનારને સોંપી દીધેલ છે, જેઓ સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૪ હેઠળ સત્તા ધરાવતા **ઈન્વેન્ટના** અધિકૃત અધિકારી છે.

દેવાદાર અને જાહેર જનતાને આ સાથે ચેતવણી કરવામાં આવે છે કે આ મિલકત સાથે સોદો કરવો નહિ અને જો આ મિલકત સાથે કોઈ સોદો કરશે તો તે **ઈન્વેન્ટને** ૩૧ ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ મુદતી બાકી નીકળતી રકમ રૂ. ૧,૩૫,૩૮,૪૦૦/- સહિત કોન્ટ્રાક્ટ દરે વધારાનું વ્યાજ તેમજ અન્ય તમામ પ્રાસંગિક ખર્ચા ચુકવવાને આધિન રહેશે.

અનુસૂચિ
મિલકતનું વર્ણન

સીરોમ જમીનના તમામ ચોક કે હિસ્સો અથવા ચોક-ન, જેનો બ્લોક-નં.૧૧૬ છે અને મોજે-પોલ્લુવા, તાલુકો-માણસા, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ ગાંધીનગરમાં આવેલ છે જેનું સેત્રફળ ૩૧૦૨.૯૦ ચો.મીટર કે તેની આસપાસ વધા ઘટા છે, જેમાં તેની ઉપર નિર્માણ પામેલ મકાનનો સમાવેશ થાય છે. જેની ચતુર્દીશા નીચે મુજબ છે.

ઉત્તર : બ્લોક નં. ૪૫, ૪૬, ૪૭ અને ૧૧૮
દક્ષિણ : કૃષિ વિસ્તાર માર્ગ.
પૂર્વ : બ્લોકનં ૧૧૬ની બાકીની જમીન.
પશ્ચિમ : બ્લોકનં ૧૧૬ની બાકીની જમીન + કૃષિ વિસ્તાર ૩.૬ મીટર પહોળો માર્ગ.

તારીખ : ૨૫ માર્ચ, ૨૦૧૪ સહી/-
સ્થળ : પોલ્લુવા, અધિકૃત અધિકારી
મેસર્સ ઈન્વેન્ટ એસેટ્સ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન પ્રા. લિ. (ટ્રસ્ટી-ઈન્વેન્ટ/૧૨૧૩(એસએ)ટ્રસ્ટ)

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com